GUVNL

# ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ

Azadi Ka Amrit Mahotsav

(An ISO 9001:2015Company)CIN U40109GJ2004SGC045195

રજી. અને કોર્પોરેટ ઓફિસ: સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૦૭

Email: cetech.guvnl@gebmail.com
sesolar.guvnl@gebmail.com

Web site: www.guvnl.com

Tele (Di) : (0265) 2340205
PBX : (0265) 2310582 to 86
FAX : (0265) 2337918, 2338164


નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/3464 તારીખ:૨૨-૧૨-૨૦૨૧ 23

પરિપત્ર માં સુધારો: PMKUSUM-Component-B Amendment in Implementation and Operational Guideline

વિષય: રાજ્યમાં પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવના સુધારા અનુલક્ષીને અમલીકરણ માટે માર્ગદર્શિકામાં સુધારા બાબત.

સંદર્ભ: (૧) પરિપત્ર-૧ નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૧૬૭૧ તા:૨૮-૦૮-૨૦૨૦
(૨) પરિપત્ર-૨ નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૨૦૨૩ તા:૧૬-૧૦-૨૦૨૦
(3) પરિપત્ર- નં.૧ માં સુધારો- GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૨૯૮૮ તા:30-૧૦-૨૦૨૧

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B ના એકસરખા અને સફળ અમલીકરણ માટે GUVNL દ્વારા તારીખ ૨૮.૦૮.૨૦ના પરીપત્રથી વિગતવાર માર્ગદર્શિકા આપવામાં આવી છે અને ત્યારબાદ સંદર્ભ (૨) અને (3) મુજબ પરિપત્રમાં સુધારા કરેલ.

સદર યોજનાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા:૧૯-૦૬-૨૦૨૦ના ઠરાવની શરત નં. E માં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક: SLR/૧૧/૨૦૨૦/૧૧૪૪/બ૧ તા:૧૬-૧૧-૨૦૨૧થી સુધારો બહાર પાડવામાં આવ્યો છે. જે ધ્યાને લઈ GUVNLના તા:૨૮-૦૮-૨૦૨૦ ના પરિપત્ર-૧ની શરત નં. E, (૧) અને (૧૨)માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

શરત નં. E નીચે મુજબ બદલવામાં આવે છે:-

E (i): આ યોજનામાં લાભાર્થીને કુલ સીસ્ટમ ખર્ચના 30% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, 30% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦% રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

ઉપરોક્ત સબસીડી/CFA ૭.૫ હો.પા. ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત રહેશે. ૭.૫ હો.પા. થી ઉપરની ક્ષમતાના પંપસેટ માટે ૭.૫ હો.પા. ના પંપસેટને મળવા પાત્ર સબસીડી લાગુ પડશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાની રહેશે.

E (ii): વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની સામાન્ય (SPA) યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરપરાગત વીજ જોડાણ આપવું ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય તેવા દુર-સુદ્દર વિસ્તારના અરજદારોને સૌર ઉર્જા સંચાલિત કૃષિ સિચાઈ પંપ સિસ્ટમ આપવા માટે, અરજદાર દ્વારા PM-KUSUM Component-B યોજના હેઠળ નિયમ અનુસાર ભરપાઈ કરવાના ફાળાના બદલે માનનીય ગુજરાત વીજ નિયમન પંચ મુજબ ફીક્સ્ડ કોસ્ટ મુજબનો ફાળો ભરપાઈ કરવાનો રહેશે, જ્યારે સદર રકમનો તફાવત રાજ્ય સરકારશ્રી દ્વારા વધારાની સબસીડી રૂપે PM-KUSUM Component-B યોજના હેઠળ આપવામાં આવશે તથા કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ (TASP) યોજનાના અરજદારોને કોઈ ફાળો ભરપાઈ કરવાનો રહેશે નહિ.

વધુમાં, વન વિસ્તારમાં ખાનગી જમીન (રેવન્યુ લેન્ડ) ધારક લાભાર્થી ઉપરાંત વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ (Forest Right Act, 2006) અંતર્ગત જે વનવાસીઓને વન જમીન ઉપર વ્યક્તિગત દાવા મંજુર કરી ખેડાણના હક્કો આપવામાં આવ્યા છે, તેવા લાભાર્થીઓને ઉપરોક્ત લાભ આપવામાં આવશે.

**E (iii):** સબમર્સીબલ પંપ (Oil Filled Motors) ના CFA /સબસિડીની ગણતરી માટે વોટરફિલ્ડ મોટર (Water Filled Motors)ના નિયત દર ગણતરીમાં લેવામાં આવશે. Oil Filled સબમર્સીબલ મોટર પંપ માટે CFAઅને સબસિડીના તફાવતની રકમ તેમજ ૭.૫ હો.પા.થી ઉપરના ૧૦ હો.પા.ના સોલારપંપના કિસ્સામાં સબસીડી અને CFAના તફાવતની રકમ અરજદારે ભોગવવાની રહેશે. આ શરત વનવિસ્તાર માટે ઉપર **E (ii)** મુજબ મંજુર થયેલ અરજીઓને લાગુ પડશે નહિ.

હાલ, MNREના Sanction FY-2019-20ની સમય મર્યાદા પૂર્ણ થયેલ છે. MNRE તરફથી તા:૦૯-૧૨-૨૦૨૧ના ઇમેલ મારફત વર્ષ 2020-21નાં Sanction માટે EESL દ્વારા હાથ ધરવામાં આવેલા બીજા કેન્દ્રિય ટેન્ડરમાં સોલારપંપના વિવિધ પ્રકારો અને કેટેગરીઓ માટે શોધાયેલ કિંમત સાથે એજન્સીઓની યાદી મોકલી આપવામાં આવેલ છે. કેપેસીટી વાઇઝ સોલાર વોટર પમ્પનું ભાવ પત્રક, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સબસીડી તથા ખેડૂતે નિયમાનુસાર ચૂકવવાપાત્ર ફાળાની રકમની ગણતરી તેમજ સોલર પંપ માટે પંપની ક્ષમતા, ટાઇપ, કેટેગરી મુજબ માન્ય એજન્સીઓની યાદી LoAની કામગીરી પૂર્ણ થયે વખતોવખત જાણ કરવામાં આવશે અને પોર્ટલ પર મુકવામાં આવશે.

**આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતો/અરજદારો માટેના માપદંડો/ ધારાધોરણો/ શરતો (૧) અને (૧૨)માં સુધારો:-**

**શરત(૧):** આ યોજના અંતર્ગત અરજીની નોંધણી અરજદારે પસંદ કરેલ જે તે માન્ય એજન્સી (Empanelled Agency)દ્વારા સ્ટેટ પોર્ટલ https://pmkusum.guvnl.com ઉપર on-line કરવાની રહેશે. અરજી પત્રકનો નમૂનો સુધારેલ પરિશિષ્ટ–જ 'S 1.1' માં દર્શાવ્યા મુજબ રહેશે.

વધુમાં, ઉપરોક્ત શરત E (ii) પ્રમાણે વનવિસ્તારના લાયક (Eligible) અરજદારોએ પણ ઉપર મુજબ માન્ય એજન્સીઓની યાદી માંથી કોઇ એક એજન્સી પસંદ કરી જે તે એજન્સી દ્વારા સ્ટેટ પોર્ટલ ઉપર on-line અરજી કરવાની રહેશે.

**શરત(૧૨):** શરત માં ઉમેરો:

(અ): વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની સામાન્ય (SPA) યોજનાના અરજદારો કે જેમણે હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય તેવા દુર સદુર વિસ્તારના અરજદારોકે,

(અ-૧): જેમણે અગાઉથી પરંપરાગત વીજ જોડાણ માટે અંદાજપત્ર (F.Q.) ભરી દીધેલ હોય તેઓએ ફક્ત માન્ય એજન્સીઓની યાદી માંથી કોઇ એક એજન્સી પસંદ કરી જે તે એજન્સી દ્વારા સ્ટેટ પોર્ટલ પર ઉપર મુજબ on-line અરજી કરવાની રહેશે.

(અ-૨): જેમણે અગાઉથી પરંપરાગત વીજ જોડાણ માટે અંદાજપત્ર (F.Q.) ન ભરેલ પરંતુ હવે સોલાર પંપની આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ માન્ય એજન્સીઓની યાદી માંથી કોઈ એક એજન્સી પસંદ કરી જે તે એજન્સી દ્વારા સ્ટેટ પોર્ટલ પર ઉપર મુજબ on-line અરજી

કરવાની રહેશે. ત્યારબાદ ગાઈડલાઈન મુજબ સબ-ડીવીઝન દ્વારા જે તે અરજદારને GERC દ્વારા નક્કી કરેલ સામાન્ય વીજ જોડાણ માટેનું ફિકસડ કોસ્ટ અંદાજપત્ર (F.Q.) આપવામાં આવશે.

(બ): વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ (TASP) યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય તેવા દુર સદુર વિસ્તારના અરજદારોએ કોઈ ફાળો ભરપાઈ કરવાનો ન હોઈ, તેઓએ માન્ય એજન્સીઓની યાદી માંથી કોઈ એક એજન્સી પસંદ કરી જે તે એજન્સી દ્વારા સ્ટેટ પોર્ટલ પર ઉપર મુજબ on-line અરજી કરવાની રહેશે.

આ સાથે સુધારેલ અરજીપત્રક પરિશિષ્ટ–જ 'S 1.1' સામેલ છે.

ઉપરોક્ત સુધારેલ શરતની જાણ આપની કક્ષાએથી તમામ ક્ષેત્રીય કચેરીઓને ઉપરોક્ત સુધારાના અમલીકરણ અર્થે કરવા વિનંતી. GUVNLના તા:૨૮-૦૮-૨૦૨૦ ના પરિપત્ર-૧, તથા તા:30-૧૦-૨૦૨૧ ના સુધારેલ પરિપત્ર-૧ ની અન્ય શરતો તથા વિગતો યથાવત રહેશે.

બીડાણ: અરજીપત્રકનો નમુનો પરિશિષ્ટ–જ 'S 1.1'

23/12/21

(પી. એમ. પટેલ)

**મુખ્ય ઇજનેર(ટેક)**

**પ્રતિ,**

**મેનેજીંગ ડીરેકટરશ્રી**

**દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની**

**રજી. અને કોર્પોરેટ ઓફીસ**

**સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ**

નકલ સાદર રવાના -

- મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ,વડોદરા.
- ડીરેકટરશ્રી(ટેકનીકલ), જીયુવીએનએલ,વડોદરા.
- નાયબ સચિવશ્રી (RE),ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના -

- મુખ્ય ઈજનેરશ્રી(પ્રોજેકટ) કોર્પોરેટ ઓફિસ ,દક્ષિણ - મધ્ય. - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
- જનરલ મેનેજર (F&A/આઈ.ટી.), જીયુવીએનએલ, વડોદરા.
- જનરલ મેનેજર (F&A) કોર્પોરેટ ઓફિસ ,દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
- લાયઝન ઓફિસરશ્રી, માન. ઉર્જા મંત્રીશ્રીનુ કાર્યાલય, પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેર ટેક-૧, ટેક-૨, ટેક-3, જીયુવીએનએલ, વડોદરા
- સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા

**પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનામાં જોડાવા માટેનું અરજીપત્રક**

| |
|---|
| અરજદારનું નામ:- |
| ગામનું નામ ______________તાલુકો____________જીલ્લો______________ |
| મોબાઈલ નંબર____________________ ઇ-મેઈલ આઈ.ડી. ________________________________ |

અરજી તા. ____/____/૨૦___

અરજદાર નો

ફોટો

પ્રતિ,
નાયબ ઈજનેરશ્રી,
પેટા વિભાગીય કચેરી,
________ ગુજરાત વીજ કંપની લી.
______________.

વિષય: પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના માં અરજી નોંધણી કરાવવા બાબત.

માનનીય સાહેબ શ્રી,

1. હું, સરકારશ્રીની પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ મારા ખેતરમાં સ્થાપિત કરવા માંગુ છુ. તો આ યોજનામાં આપના નીતિ નિયમો અનુસાર સાથે જોડેલ 'પત્રક-અ' માં દર્શાવેલ વિગતો મુજબ મારી અરજી નોંધવા વિનતિ કરૂં છું.
2. આ યોજના અંગેનું માર્ગદર્શન અમોને મળેલ છે. અને તેને લગતા તમામ નીતિ નિયમો, તકનીકી, સલામતી, નાણાકીય બાબતો વગેરે અંગેની સમજણ અને જાણકારી અમને મળેલ છે. અમે જીયુવીએનએલનો પરિપત્ર નં. GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/1671 તારીખ:૨૮/૦૮/૨૦૨૦ અને તે પછી તેના સુધારા (૧)GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૨૦૨૩ તારીખ:૧૬-૧૦-૨૦૨૦, (૨)GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૨૯૮૮,તારીખ:૩૦-૧૦-૨૦૨૧ અને (3) GUVNL/Tech/Solar-Cell/PM-KUSUM-B/૩૪૬૪, તારીખ:૨૩-૧૨-૨૦૨૧ વાંચેલ છે અને તે મુજબની શરતો અમોને સંપૂર્ણ પણે મંજૂર છે અને વખતો વખત તેમાં કરવામાં આવતા બદલાવ પણ અમોને મંજુર છે.
3. હું, જાણું છું કે આ અરજી પોર્ટલ પર ઓન લાઇન કરવાની છે અને તે માટે હું, મારા તરફથી પસંદ કરેલ એજન્સીને મારી અરજી પોર્ટલ પર જરૂરી દસ્તાવેજ સાથે અપલોડ કરવા સહમતી આપું છું. આ

(અરજદારની સહી)

સાથે જોડેલ દસ્તાવેજ, પત્ર, વગેરે મારા જ છે તે ની હું ખાત્રી આપું છું. ચકાસણી સમયે તે ખોટા જણાશે તો કોઈપણ સ્ટેજે મારી અરજી રદબાતલ થશે તેની મને ખબર છે.

4. હું, જાણું છું કે આ અરજી પોર્ટલ પર કર્યા બાદ, નિયમોનુસર  જો મારો વારો અગ્રતાક્રમમાં આવશે તો જ મને આ યોજનાનો લાભ મળી શકશે અન્યથા મારી અરજી રદબાતલ થશે.
5. હું, જાણું છું કે મારી અરજી અગ્રતાક્રમમાં આવ્યે મારે ડિપોઝિટ પેટે રૂ. 1000/- ઉપરોક્ત પરિપત્ર મુજબ સાત દિવસની સમય મર્યાદામાં ભરપાઈ કરવાના રહેશે, અન્યથા મારી અરજી રદબાતલ થશે.
6. હું, જાણું છું કે ઉપરોક્ત પરિપત્ર મુજબ મેં પસંદ કરેલ સોલર પંપના ટાઈપ, કેટેગરી, અને ક્ષમતા મુજબના લાગુ પડતાં ભાવ પરિશિસ્ટ ખ-1, ખ-2, ખ-3, ગ-૧, ગ-૨ અને ગ-૩માં દર્શાવ્યા મુજબ મારે ભરવા પાત્ર કુલ રકમ* મારે 30 દિવસની સમય મર્યાદામાં ભરપાઈ કરવાની રહેશે, અન્યથા મારી અરજી રદબાતલ થશે. (*આદિજાતિ (TASP) યોજનાની યોગ્યતા ધરાવતા સિવાયના અરજદારો)
7. હું, જાણું છું કે સોલાર પંપ, પેનલ તથા અન્ય માળખાની જાળવણી માટે મારે જરૂરી ફેન્સીંગ સ્વખર્ચે કરાવવાની રહેશે તથા સોલાર સિસ્ટમની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. હું સોલર સિસ્ટમ સ્થાપિત થાય ત્યારે જ જરૂરી ફેન્સીંગ કરાવી લઇશ.
8. (**જો સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતી અપનાવવાની હોય તેવા અરજદારો માટે) **હું, જાણું છું કે મે સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતી માટે GGRCમાં અરજી નોંધણી કરેલ છે અને તેને કારણે મને અરજીઓમાં અગ્રતા ક્રમ મળશે. આથી, હું, સોલરપંપની રજીસ્ટ્રેશન ડિપોઝીટ ભર્યા પછીના 30 દિવસમાં સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમ માટે GGRC માં ભરેલ ફાળાની પહોંચ અને GGRC દ્વારા મંજૂર કરેલ TPA ની નકલ જમા કરાવીશ અને ૬0 દિવસમાં સૂક્ષ્મ સિંચાઈ સિસ્ટમ સ્થાપીત કરી GGRCનું ટ્રાયલ રન સર્ટીફીકેટ જમા કરાવીશ અન્યથા મારી અરજી રદબાતલ થશે.
9. લાભાર્થીએ પેટાવિભાગીય કચેરીએ 'આધાર' ઓથેંટિકેશન કરાવવાનું રહેશે.

| |
|---|
| હું મારા ખેતરમાં સોલર સિસ્ટમ સ્થાપિત કરવા મેસર્સ ____________ ____________ ____________ ________ _______ ________ ___ એજન્સી કે જે આ યોજના માટે  હાલ આપના તરફથી માન્ય એજન્સી ( Empanelled Agency) છે તેમના દ્વારા સોલર પંપ સ્થાપિત કરવા સહમતી આપું છુ. |

આપનો વિશ્વાસુ,

x________________.

તારીખ:- ____________

(અરજદારની સહી)

જો અરજદાર ના અંગૂઠા ની છાપ હોય તો સાક્ષી નું નામ તથા સહી .______________________

## For Empanelled Agency

As selected by the farmer, I, the authorised person of the M/s_________ __________ _________ _________ _______ , the Empanelled Agency under the PM-KUSUM Component -B Scheme, hereby confirmed that we shall undertake the Installation and commissioning work of Solar pump as per the Application of Shri / Smt. _____ _____ ______ ________ ___ ____ __________of village_______ __ __, District____________ as per the terms and conditions of the LOA issued to us by _GVCL.

Signature,

Stamp of the Company

Name of the authorised person:_________________

Designation in the Company:___________________

Date :_______

| 'પત્રક-અ' | | | |
|---|---|---|---|
| **Sr. No.** | **Description** | **Response ( Tick mark/ Yes /No wherever applicable and fill-up detail)** | **Documents Attached (Yes/No) / details** |
| **1** | **Is the Applicant applied previously for off-grid solar pump under GOG Scheme and not get Solar pump or conventional Electricity Connection ?** | | |
| | if yes | Yes/No | |
| | Attach Money Receipt | | |
| | Receipt No. | | |
| | Receipt Date | | |
| | if No (write No) | Yes/No | |
| **2** | **Is the applicant previously applied for conventional Electricity Connection in Forest area but yet not get the Connection or applied for new solar pump in Forest Area?** | | |
| | Application Category | SPA New/ SPA FQ Not Paid/ SPA FQ Paid/ TASP | |
| | *****TASP/ SPA FQ Paid / Not Paid** | | |
| | Application Number | | |
| | Application Date | | |
| | *****SPA FQ Paid / Not Paid** | | |
| | FQ SR No. | | |
| | FQ Amount | | |
| | FQ Issued Date | | |
| | FQ Due Date | | |
| | *****SPA FQ Paid** | | |
| | FQ Paid Date | | |
| **3** | **New Application** | | |
| | Application Category | Forest Area / Other than Forest Area | |
| | If Forest Area applicant | Private Land (Revenue Land) Holder / Beneficiary having right to plough (ખેડાણ) as per Forest Right Act, 2006 | |
| | Sub Category of Beneficiary in forest area | સામાન્ય(SPA) / આદિજાતિ(TASP) | |
| **4** | **MICRO IRRIGATION SYSTEM** | | |
| | Is the farmers already having Micro Irrigation System? | Yes/No | |
| | if yes Attach GGRC trial run certificate* | | |
| | if No | | |
| | Interested to installed MIS through GGRC* | Yes/No | |
| | if yes | | |

(અરજદારની સહી)

| | | | |
|---|---|---|---|
| | Applied for MIS through GGRC* | Yes/No | |
| | if yes Attach document of application no. and proof of application registered with GGRC | | |
| **5** | **Is applicant small and marginal farmer?** | | |
| | if yes | | |
| | Farmer having land less than 2 Hector* | Yes/No | |
| | Attach Certificate from Competent Authority* | | |
| | Write Land Coverage (Hector)* | | |
| | if No | Yes/No | |
| | Write Land Coverage (Hector)* | | |
| **6** | **Information of Applicant** | | |
| | Application Category * | 1. Farmer<br>2. Water User Association<br>3. Cluster base irrigation | |
| | Surname * | | |
| | Farmer Name* | | |
| | Father/Husband Name | | |
| | Gender* | Male/Female/Transgender | |
| | Email Address | | |
| | Mobile No.* | | |
| | Applicant Category * | General/SC/ST/OBC | |
| | State Implementation Agency | GUVNL | |
| | DISCOM * | | |
| | Circle * | | |
| | Division | | |
| | Sub Division | | |
| | Is Applicant from Forest area? | | |
| **7** | **Communication details & location details** | | |
| | Communication Address* | | |
| | Address | | |
| | State | | |
| | District | | |
| | Taluka | | |
| | Town/Village | | |
| | Pincode | | |
| **8** | **Detail of farm where Solar Pump is to be installed** | | |
| | State * | | |
| | District * | | |
| | Taluka | | |
| | Town/Village | | |

(અરજદારની સહી)

| | | | |
|---|---|---|---|
| | Pincode | | |
| | Land Survey No. | | |
| | Latitude* | | |
| | Longitude* | | |
| | Dark Zone/ Non-Dark Zone Area | | |
| **9** | **IRRIGATION DETAILS** | | |
| | Source of Water | Bore/Well/Khet talavadi | |
| | Water Depth Level in summer (Feet) * | | |
| | Existing Bore, well & Khet talvadi | Yes/No | |
| | Irrigation Mode | 1. Micro Irrigation/<br>2. Open Irrigation/<br>3. Under ground pipe line (UGPL) | |
| | Quality Of Water | Fit for irrigation/not fit for irrigation | |
| **10** | **Pump Details** | | |
| | Existing Pump User | Yes/No | |
| | If Yes | | |
| | Existing Pump Type | AC/DC | |
| | In case of DC mentioned | Brushless or With Brush | |
| | Existing Pump Sub Type | 1. Submersible Pumps (Water Filled Motors)/<br>2. Submersible Pumps (Oil Filled Motors)/<br>3. Surface Pumps | |
| | Existing Pump Capacity (HP)* | | |
| | Is the pump is energy efficient? | Yes/No | |
| | Power source of existing pump | Solar/Diesel/Electric/Gen-Set/Any other | |
| | Annual Diesel Requirement ( Litres ) | | |
| | Common detail for either Yes or No | | |
| | Required Pump Type | AC<br>DC | Write here AC/DC<br>________________ |
| | In case of DC mentioned | Brushless or With Brush | |
| | Required Pump Sub Type | 1. Submersible Pumps (Water Filled Motors)/<br>2. Submersible Pumps (Oil Filled Motors)/<br>3. Surface Pumps | Write Type of Solar pump selected here<br>____________ |

(અરજદારની સહી)

| | | | |
|---|---|---|---|
| | Required Pump Capacity | 1 HP<br>2HP<br>3HP<br>5 HP<br>7.5HP<br>10HP | Write Pump capacity here also ______HP |
| | Size of Borewell (Diameter in inch) | | |
| | Required Water Flow Rate(Litres/Minute) | | |
| **11** | **SOLAR DETAILS** | | |
| | SPV Capacity as Per Norms (KW-DC) | | |
| | Is Site Suitable For Solar system Installation | Yes/No | |
| | Is South Facing Shadow Free Land Available | Yes/No | |
| | Is Farmer Having Electric Connection For AG Purpose At Site? | Yes/No | |
| | If yes | | |
| | Consumer Number | | |
| | If No | | |
| | Application Status Of Grid Connection | In Process/Not applied | |
| **12** | **AGRICULTURE DETAILS** | | |
| | Crop Type (Last Year) | Rabi/Kharif/Zaid | |
| | Crop Type (Last To last year) | Rabi/Kharif/Zaid | |
| | Crop Count (Last Year) | | |
| | Crop Count (Last To last year) | | |
| **13** | **FINANCIAL & COMMERCIAL DETAILS** | | |
| | Installer | | |
| | Solar Pump Cost in Rs. (with GST) | | |
| | Agree To Install USPC Without Subsidy | Yes/No | |
| | USPC Cost in Rs. (with GST) | | |
| | Central Contribution Rs. (with GST) | | |
| | State Contribution Rs . (with GST) | | |
| | Farmer contribution shall be 40% of solar system + Difference of CFA/subsidy eligible for that capacity in Rs . (with GST) | | |
| | LOA Date | | |
| | Scheduled Implementation Date | | |

(અરજદારની સહી)

અરજી સાથે નીચે દર્શાવેલ લાગુ પડતાં જરૂરી દસ્તાવેજ અરજી સાથે સામેલ કરેલ છે

| ક્રમ | દસ્તાવેજ | નકલ જોડેલ છે (હા/ના) |
|---|---|---|
| 1 | અદ્યતન ૭/૧૨નો ઉતારો | |
| 2 | અદ્યતન 8-અ નો ઉતારો | |
| 3 | અદ્યતન ૬ હક્ક પત્રક | |
| 4 | હયાત કૂવો, બોર કે ખેત તલાવડી માટે પિયતના સાધનનો દાખલો ૧૬ | |
| 5 | જો અરજદાર સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ ધરાવતા હોય તો GGRCનું ટ્રાયલ રન સર્ટીફીકેટ | |
| 6 | જો અરજદાર સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમની યોજનામાં જોડાનાર હોય તો GGRCમાં નોંધણી ક્રમાંક અને જમા કરાવેલ અરજી નું પ્રમાણ | |
| 7 | જો અરજદાર નાના અને સીમાંત ખેડુત (૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા) હોયતો તે માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર | |
| 8 | જે અરજદારે રાજ્ય સરકારની અગાઉની સોલાર પંપની યોજનામાં અરજી કરેલ હોય તેમને સોલાર પંપ કે પરંપરાગત વીજજોડાણ હજુ સુધી મળેલ ન હોય તો તે માટે જૂની નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ | |
| 9 | જો અરજદારની જમીન જંગલ વિસ્તારમાં હોય અને હયાત ગ્રીડથી પરંપરાગત વીજજોડાણ મેળવવા વીજ વિતરણ કંપનીમાં અરજી કરેલ હોય પરંતુ જંગલ વિસ્તારમાં વીજ વિતરણ રેષા ઊભી કરવાની મંજૂરી મળેલ ન હોય તેવી પડતર અરજીઓના અરજદારો જો પરંપરાગત વીજજોડાણના બદલે આ યોજના અંતર્ગત સોલારપંપ સ્થાપવા ઇચ્છે તો તે માટે જૂની અરજી નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ | |
| 10 | સંયુક્ત માલિકીના કિસ્સામાં બીજા ભાગીદારોની નિયમ મુજબ સંમતિ | |
| 11 | વનવિસ્તારમાં ખાનગી જમીન (રેવન્યુ લેન્ડ) ધારક લાભાર્થી અરજદારના માન્ય દસ્તાવેજની નકલ | |
| 12 | વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ (Forest Right Act, 2006) અંતર્ગત જે વનવાસીઓને વન જમીન ઉપર વ્યક્તિગત દાવા મંજુર કરી ખેડાણના હક્કો આપવામાં આવ્યા છે તેવા લાભાર્થી અરજદારના માન્ય દસ્તાવેજી પુરાવાની નકલ | |

(અરજદારની સહી)

**રાજ્યમાં પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના અંગે સુધારા ઠરાવ બહાર પાડવા બાબત**

**ગુજરાત સરકાર**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**ઠરાવ ક્રમાંક : SLR/૧૧/૨૦૨૦/૧૧૪૪/બ૧**

**સચિવાલય, ગાંધીનગર**

**તારીખ:૧૬/૧૧/૨૦૨૧**

**વંચાણે લીધા:**

૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૫.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૬.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૫.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૬) મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી (MNRE) વિભાગનો હુકમ ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૮.૦૩.૨૦૧૯
૭) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૨૨.૦૭.૨૦૧૯
૮) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૧૩.૦૮.૨૦૧૯
૯) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૧૯.૦૮.૨૦૧૯
૧૦) MNRE વિભાગનો હુકમ ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૧૫.૦૧.૨૦૨૦
૧૧) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૫.૦૨.૨૦૨૦
૧૨) MNRE વિભાગનો પત્ર ક્રમાંક : ૩૨/૫૪/૨૦૧૮-એસપીવી ડીવીજન તા-૭.૦૫.૨૦૨૦
૧૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૬.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧
૧૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા- ૨૫.૧૦.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: REN/૧૧/૨૦૨૧/ ૧૭૫૩/બ૧

**પ્રસ્તાવના:**

રાજય સરકારના વંચાણે લીધા ક્રમાંક (૧૩) થી રાજ્યના ખેડૂતોના સામાજિક આર્થિક ઉત્કર્ષ માટે "પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન યોજનાના કોમ્પોનન્ટ-બી" હેઠળ

સ્ટેન્ડ અલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનામાં અમલમાં મૂક્વામાં આવેલ છે.

વધુમાં, રાજ્યમાં વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની સામાન્ય (SPA) યોજના અને આદિજાતિ (TASP) યોજનાના અરજદારોને કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું વળતર વનીકરણ ચાર્જીસ અને એન.પી.વી. (નેટ પ્રેસેન્ટ વેલ્યુ)ની રકમના વધારાના ખર્ચને કારણે ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય તેવા દૂર-સુદુર વિસ્તારના અરજદારોને તથા વળતર વનીકરણ ચાર્જીસ માટેની પ્રોસેસને લીધે અરજદારને વીજ જોડાણ આપવામાં વિલંબ ના થાય તે બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

આથી રાજય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ વંચાણે લીધેલ ક્રમાંક: (૧૩) ના ઠરાવની જોગવાઈમાં જૂની શરત નં. E માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

**નવી શરત નં. E**

(i) આ યોજનામાં લાભાર્થીને કુલ સીસ્ટમ ખર્ચના ૩૦% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, ૩૦% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦% રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

ઉપરોક્ત સબસીડી/CFA ૭.૫ હો.પા. ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત રહેશે. ૭.૫ હો.પા. થી ઉપરની ક્ષમતાના પંપસેટ માટે ૭.૫ હો.પા. ના પંપસેટને મળવા પાત્ર સબસીડી લાગુ પડશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાની રહેશે.

(ii) વન વિસ્તારના કૃષિ વીજ જોડાણ માટેની સામાન્ય (SPA) યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટેકનો-કોમર્શીયલ વાયેબલ ન હોય તેવા દૂર-સુદુર વિસ્તારના અરજદારોને સૌર ઉર્જા સંચાલિત કૃષિ સિંચાઈ પંપ સિસ્ટમ આપવા માટે, અરજદાર દ્વારા PM-KUSUM Component-B યોજના હેઠળ નિયમ અનુસાર ભરપાઈ કરવાના ફાળાના બદલે માનનીય ગુજરાત વિજ નિયમન પંચ મુજબ ફીક્સ્ડ કોસ્ટ મુજબનો ફાળો ભરપાઈ કરવાનો રહેશે, જ્યારે સદર રકમનો તફાવત રાજ્ય સરકારશ્રી દ્વારા વધારાની સબસીડી રૂપે PM-KUSUM Component-B યોજના હેઠળ આપવામાં આવશે તથા કૃષિ વીજ જોડાણ માટેની આદિજાતિ (TASP) યોજનાના અરજદારોને કોઇ ફાળો ભરપાઈ કરવાનો રહેશે નહિ.

વધુમાં, વન વિસ્તારમાં ખાનગી જમીન (રેવન્યુ લેન્ડ) ધારક લાભાર્થી ઉપરાંત વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ (Forest Right Act, 2006) અંતર્ગત જે વનવાસીઓને વન જમીન ઉપર

વ્યકિતગત દાવા મંજુર કરી ખેડાણના હક્કો આપવામાં આવ્યા છે, તેવા લાભાર્થીઓને ઉપરોક્ત લાભ આપવામાં આવશે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૧૩) ના ઠરાવની તથા (૧૪) ના સુધારેલ ઠરાવની અન્ય શરતો તથા બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧૩/૧૦/૨૦૨૧ ની નોંધથી આપેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. એસ. જોષી)
નાયબ સચિવ
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (ઉ. અને પે.)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉ. અને પે.) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ઉ.પે.વિ.) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી (ટેક), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (ઉ. અને પે.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી (ટેકનીકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ના. સે. અધી. અંગત ફાઈલ